## આવ રે મેહુલા આવ...મેહુલા અષાઢના રે...



મેહુલો હવે ધરતી પર તેનું હેત વરસાવવા તૈયાર થઇ રહ્યો છે. તેની સાક્ષી સુરતમાં છવાયેલા આ વાદળો પૂરી રહ્યાં છે. (તસવીર : હેમંત ડેરે)

# ગોટાલાવાડીમાં નાસીરનગરના પરિવારોને આશ્રયના નામે વિવાદ

**ગોટાલાવાડી** ટેનામેન્ટના રહીશોનો પાલિકા કચેરી પર વિરોધ

સુરતઃ નાસીરનગરના અસરગ્રસ્તોને વૈકલ્પિક જગ્યા માટે કોંગ્રેસે દેખાવો કર્યા હતા. આ દરમિયાન નાસીરનગરના અસરગ્રસ્તોને કતારગામ ગોટાલાવાડી ખાતે રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ બનેલા વધારાનાં 130 આવાસમાં હંગામી ધોરણે આશ્રય આપવાની વાત વહેતી થઈ હતી. આ ચર્ચાના પગલે ગોટાલાવાડી ટેનામેન્ટના રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો અને તેઓએ મોટી સંખ્યામાં સુરત મહાનગરપાલિકાની કચેરી ખાતે પહોંચી વિરોધ પ્રદર્શન સાથે મોરચો માંડ્યો હતો. ગોતાલાવાડી ટેનામેન્ટ ઓનર્સ એસો.ના પ્રમુખ સ્વાતિ સોસાની આગેવાનીમાં આ મોરચો આવ્યો હતો. ગોટાલાવાડીના રહીશોએ મેયર માયા માવાણી અને મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનને આવેદનપત્ર કરીને માંગ કરી હતી કે, વર્ષ-1972ની ઈન્દિરા ગાંધી આવાસ યોજના અને 2018ના રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટના નિયમો અનુસાર જ આ વધારાનાં મકાનો સરકારી કિંમતે ડ્રો સિસ્ટમથી ફાળવવામાં આવે. આ સાથે જ રહીશોએ તેમના કેમ્પસમાં અન્ય ધર્મના કે અન્ય વિસ્તારના લોકોને આવાસ ન આપવાની માંગ સાથે જો નિર્ણય યોગ્ય નહીં લેવાય તો આંદોલન પર ઊતરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

# ભૂતિયા ડિમોલિશનની કમિટી તબક્કાવાર તપાસ કરશે

**અહેવાલ** તૈયાર થયા બાદ કમિશનરને રિપોર્ટ સોંપાશેઃ ડે.કમિ. મીના ગજ્જર

### ડિમોલિશન સમયે મનપા અજાણ છતાં ખાનગી વીજ કંપનીએ વીજળી કેમ કાપી?

સુરતઃ શહેરના વેડરોડ સ્થિત નાસિરનગર વિસ્તારમાં ડિમોલિશન પૂર્વે જ ખાનગી વીજ કંપની દ્વારા આખા વિસ્તારના કાયદેસરના વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે. સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા, પ્રવક્તા મુસદીક કાનુન્ગો અને અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં અપાયેલા આ આવેદનપત્રમાં ખાનગી વીજ કંપની સમક્ષ કડક સવાલો ઉઠાવી 7 દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે.

સુરતઃ નાસીરનગર ડિમોલીશન પ્રકરણમાં મ્યુનિસિપલ કમિશનર નાગરાજને રચેલી તપાસ કમિટી સમગ્ર પ્રકરણના વિવિધ પાસાઓની તબક્કાવાર અને સઘન તપાસ કરશે.

તપાસ દરમિયાન સંબંધિત દસ્તાવેજો, કાર્યવાહીનો ક્રમ, જવાબદાર અધિકારીઓની ભૂમિકા સહિતના તમામ મુદ્દાઓનું વિશ્લેષણ કરવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ તૈયાર કરવામાં આવનાર અહેવાલ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજૂ કરવામાં આવશે અને તેના આધારે જ વિવાદાસ્પદ ડિમોલીશન પ્રકરણમાં અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવશે.તપાસ સમિતિમાં મીના ગજ્જર ઉપરાંત ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મનીષ ડોક્ટર, એડિશનલ સિટી ઈજનેર મહેશ ચાવડા, કાર્યપાલક ઈજનેર કે. એલ. વસાવા, આર. ડી. ગાંજાવાલા તેમજ ડેપ્યુટી ઈજનેર મોહસીન કાગજીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમિતિના અધ્યક્ષ મીના ગજ્જરે જણાવ્યું હતું કે પ્રાથમિક તબક્કે સમગ્ર ઘટનાક્રમનો અભ્યાસ કરવામાં આવશે અને જરૂરી પુરાવાઓ એકત્રિત કર્યા બાદ અંતિમ અહેવાલ તૈયાર કરાશે. જોકે, તપાસ સમિતિ દ્વારા રિપોર્ટ રજૂ કરવાની કોઈ ચોક્કસ સમયમર્યાદા જાહેર કરવામાં આવી નથી. પરિણામે ડિમોલીશન બાદ નિરાશ્રિત બનેલા પરિવારોમાં તપાસની નિષ્પક્ષતા અને તેની સમયબદ્ધતા અંગે હજુ પણ સવાલો અને આશંકાઓ યથાવત જોવા મળી રહી છે.

# શહેરની શાન સમાન એવા હોપપુલનું રિનોવેશન કરાશે

**ઐતિહાસિક** બ્રિજના 'હેલ્થ કાર્ડ'ના આધારે મરામતની રૂપરેખા નક્કી થશે

સુરતઃ સુરત શહેરની ઓળખ અને ગૌરવ સમાન ગણાતા તેમજ શહેરના સૌથી જૂના પુલોમાં સ્થાન ધરાવતા હોપ પુલને ફરી એકવાર વ્યાપક રિનોવેશનની જરૂરિયાત ઊભી થઈ છે. વર્ષ-1966માં નિર્માણ પામેલા આ ઐતિહાસિક બ્રિજની વર્તમાન સ્થિતિ અને માળખાકીય મજબૂતાઈનું મૂલ્યાંકન કરવા માટે બુધવારે વહીવટી તંત્ર દ્વારા વિશેષ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. નિષ્ણાતોની ટીમ દ્વારા પુલના વિવિધ ભાગોની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. આ નિરીક્ષણના આધારે હવે બ્રિજનું વિગતવાર 'હેલ્થ કાર્ડ' તૈયાર કરવામાં આવશે, જેમાં પુલની તકનીકી સ્થિતિ, મજબૂતાઈ અને મરામતની જરૂરિયાત અંગેનો સંપૂર્ણ અહેવાલ સામેલ રહેશે. આ અહેવાલના આધારે જ પુલના કયા ભાગોમાં કેટલી અને કેવા પ્રકારની મરામત કરવાની જરૂર છે તેની સમગ્ર કાર્યયોજના નક્કી કરવામાં આવશે.

હોપ પુલના ઈતિહાસ પર નજર કરીએ તો વર્ષ-1966માં આ બ્રિજ માત્ર રૂ.70 લાખના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો અને ત્યારથી તે સુરતના પરિવહન માળખાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો બની રહ્યો છે. સમયાંતરે તેની જાળવણી અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવતી રહી છે. છેલ્લે વર્ષ-2006માં પુલ પર વેરિંગ કોટ સહિતની મહત્ત્વપૂર્ણ મરામત કરવામાં આવી હતી.

# સિધ્ધિ કન્સ્ટ્રક્શનના જનરલ મેનેજર દ્વારા કંપનીના 9.50 લાખની ઉચાપત

**જનરલ** મેનેજર સૌરભ ઠાકોરે હાઈટેક ટેક્સટાઈલ માર્કેટ-૩ના પ્લોટ દસ્તાવેજના નામે ગ્રાહકો અને વકીલ પાસેથી નાણાં પડાવ્યાં

સુરતઃ સિદ્ધિ કન્સ્ટ્રક્શન તથા શિવ એન્ટરપ્રાઈઝના જનરલ મેનેજર સૌરભ દીપકભાઈ ઠાકોર (રહે.,રામેશ્વર કેમ્પસ, પાલ, સુરત) અને તેના મિત્ર અનિલકુમાર ચંદ્રપ્રકાશ શાહ ગ્રાહકો અને વકીલને ગેરમાર્ગે દોરી કંપનીના હકના કુલ રૂ.૯,૪૮,૮૦૦ પોતાના અને મિત્રના ખાતામાં જમા કરાવી ફોન બંધ કરીને નાસી છૂટ્યા છે.

જે અંગે કંપનીના ભાગીદાર અને આંજણા ફાર્મ સ્થિત હાઈટેક ટેક્સટાઈલ માર્કેટમાં ઓફિસ ધરાવતા સાગર દંડવતે (ઉં.વ.૬૦)એ પો.કમિ.ને લેખિત ફરિયાદ કરી છે. પોલીસે તપાસ શરૂ કરી છે.

### ૮૨ હજારના પગારદાર મેનેજરે કાવતરું ઘડ્યું

ફરિયાદની વિગતો મુજબ આરોપી સૌરભ ઠાકોર સને-૨૦૧૯થી સિદ્ધિ કન્સ્ટ્રક્શન પેઢીમાં જનરલ મેનેજર (HR, એડમિન અને બિઝનેસ) તરીકે માસિક રૂ.૮૨,૦૦૦ના પગારે નોકરી કરતો હતો. કંપનીએ ડુંભાલ ખાતે 'હાઈટેક ટેક્સટાઈલ માર્કેટ-૩ બિઝનેસ પાર્ક'નો મોટો પ્રોજેક્ટ શરૂ કરતાં સૌરભને બાંધકામ સંભાળવા, દુકાનો-પ્લોટ વેચવા, વેચાણ અવેજની રકમ મેળવવા અને દસ્તાવેજી કામકાજ માટે વકીલ રોકવા સહિતની તમામ કાયદેસરની વધારાની જવાબદારીઓ સોંપી હતી. આ દરમિયાન સપ્ટેમ્બર-૨૦૦૫માં તેણે પોતાની અંગત જરૂરિયાત માટે કંપનીમાંથી રૂ.૩,૫૦,૦૦૦ હાથઉછીના પણ લીધા હતા.

### દસ્તાવેજ કરાવવાના બહાને ખેલ ખેલાયો

કંપનીએ પ્રોજેક્ટના પ્લોટ નં.૨૯, ૩૦, ૩૧ અને ૩૨ ખરીદદારોને વેચાણ આપવાનું નક્કી કર્યું હતું. જેના દસ્તાવેજ માટે સ્ટેમ્પ પેપર અને રજિસ્ટ્રેશન ફી પેટે ખરીદદારોએ લાખો રૂપિયા ચૂકવ્યા હતા. ગત ૨૯ મેના રોજ જ્યારે કંપનીના અધિકૃત વ્યક્તિ દસ્તાવેજ કરવા રજિસ્ટ્રાર ઓફિસે જવાના હતા, ત્યારે કંપનીનાં મહિલા એડ્વોકેટ શીલાબેન લીંબાચીયાનો સંપર્ક કરતાં આખી કરતૂત બહાર આવી હતી. આરોપી સૌરભે વકીલને 'કંપનીને હાલ નાણાંની જરૂર છે' તેમ ખોટું કહી, વકીલના ખાતામાં જમા થયેલાં નાણાંમાંથી રૂ.૩,૦૦,૦૦૦ પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

### મિત્રના ખાતાનો ઉપયોગ કરી રકમ સેરવી લીધી

કંપનીએ વધુ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, પ્લોટ નં.૩૧ અને ૩૨ના ખરીદદારો પાસેથી સ્ટેમ્પ-રજિસ્ટ્રેશન ફી પેટે મેળવેલા રૂ.૧,૫૫,૭૦૦ કંપનીના એકાઉન્ટમાં જમા કરાવવાને બદલે આરોપી સૌરભે તેના મળતિયા મિત્ર અનિલકુમાર શાહના બેંક ખાતામાં જમા કરાવી દીધા હતા. ઉપરાંત અન્ય ખરીદદાર શશીભાઈ પાસેથી પણ રૂ.૧,૪૪,૫૦૦ પોતાના મિત્રના ખાતામાં મેળવી લીધા હતા. બનાસકાંઠા ઓફિસના કામે ગયા બાદ ૨૮ મેના રોજ પરત ફરવાનો હોવા છતાં આરોપી સૌરભે પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો. કંપનીના સ્ટાફે પાલ ખાતે તેના ઘરે જઈ તપાસ કરતાં તે મળી આવ્યો ન હતો. આ અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# સુરતમાં ગરમીમાં આંશિક રાહત, 14 જૂનથી વરસાદની શક્યતા

**મોડી** સાંજે ઠંડા પવન ફુંકાતા લોકોને ઉકળાટમાંથી રાહત મળી

સુરતઃ સુરત શહેરમાં આજે તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાતા લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી હતી. મહત્તમ તાપમાન 35.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે અગાઉની સરખામણીએ થોડું ઓછું રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી ઘટીને 29 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. જોકે દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ ઊંચું રહેતાં લોકોને ભારે ઉકળાટનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે શહેરમાં હવામાં 67 ટકા ભેજ નોંધાયો હતો. ભેજનું પ્રમાણ વધુ હોવાથી તાપમાનમાં ઘટાડો છતાં લોકોને ગરમીનો અનુભવ થયો હતો. દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી આશરે 10 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો. દિવસ દરમિયાન ગરમ અને ભેજયુક્ત વાતાવરણને કારણે લોકો પરસેવાથી ત્રસ્ત બન્યા હતા. ગઈકાલે રાત્રે સુરત શહેરના અનેક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડ્યા હતા. વરસાદના કારણે વાતાવરણમાં થોડો ઠંડકનો અહેસાસ થયો હતો અને ધૂળ તથા પ્રદૂષણમાં પણ ઘટાડો નોંધાયો હતો. જોકે વરસાદનું પ્રમાણ ઓછું હોવાથી ગરમી અને ઉકળાટમાં કોઈ ખાસ ઘટાડો જોવા મળ્યો ન હતો. હવામાન વિભાગે 11 જૂનથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદી પ્રવૃત્તિ શરૂ થવાની આગાહી વ્યક્ત કરી છે.

# અપહરણ અને ખંડણીના કેસમાં પોલીસ પુરાવા રજૂ ન કરી શકી

**કેસમાં** ત્રણેય આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવા કોર્ટનો હુકમ

### પોલીસ તપાસમાં ગંભીર ખામીઓની ગંભીર નોંધ લેતી કોર્ટ

આ કેસમાં પોલીસ તપાસમાં ગંભીર ખામીની નોંધ લેતાં કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે આરોપી કુલદીપ અને આરોપી મુકેશની ઓળખ પરેડ કરાવવામાં આવી નથી. તપાસ દરમિયાન કોઇ છરી કબજે કરવામાં આવી નથી. તમામ ટેલિફોનિક વાતચીત, મોબાઇલ લોકેશન અને તેની કોલ ડિટેઇલ્સ આ કેસમાં સૌથી મહત્ત્વનો પુરાવો હતો. તેમ છતાં તપાસ એજન્સી દ્વારા આ બાબતે કોઇ તપાસ કે કોઇ CDR કબજે કર્યાં નથી કે પ્રમાણપત્રો રજૂ કરાયાં નથી. વોઇસ સ્પેક્ટ્રોગ્રાફી ટેસ્ટ કરાવવામાં આવ્યો નથી.

સુરતઃ વર્ષ-૨૦૧૯માં નોંધાયેલા સાડી વેપારીના અપહરણ અને ખંડણી માંગવાના ચર્ચાસ્પદ કેસમાં ત્રણેય આરોપીને શંકાનો લાભ આપી સેશન્સ કોર્ટે છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં આરોપી રામનિવાસ હનુમાનપ્રસાદ, કુલદીપ વિનોદકુમાર શર્મા અને મુકેશ કનૈયાલાલ શર્મા (મૂળ-રાજસ્થાન) સામે ભારતીય દંડ સંહિતાની કલમ 364(A), 365, 323, 120(B), 504, 506(2), 114 તથા જી.પી. એક્ટની કલમ 135 હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદી શ્રવણકુમાર રામનિવાસ જાંટે આરોપ મૂક્યો હતો કે, વર્ષ-2019માં તેને કપડાના વેપારના બહાને બોલાવી તેનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેના ભાઈ પાસેથી ૧૦ લાખની ખંડણી માંગવામાં આવી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. બે આરોપી તરફે એડ્વોકેટ કમલેશ રાવલે દલીલ કરી હતી. ફરિયાદ પક્ષે તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજ, કોલ ડિટેઈલ રેકોર્ડ (CDR), વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી ટેસ્ટ સહિતના મહત્ત્વના ટેક્નિકલ પુરાવા પણ રજૂ કરવામાં આવ્યા ન હતા. ફરિયાદ પક્ષ કેસ પૂરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે ત્રણેય આરોપીને છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

### ચાર શ્રમિકોનાં મોત મામલે

# પોલીસ કમિશનરને માનવ અધિકાર પંચે નોટિસ ફટકારી

**બે અઠવાડિયામાં** ઘટનાનો વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો

સુરતઃ સુરતના વરાછા વિસ્તારમાં 7 જૂન ને રવિવારની સવારે એક અત્યંત હૃદયદ્રાવક અને મોટી બેદરકારીની દુર્ઘટના સામે આવી હતી. વરાછા ખાંડબજાર ગરનાળા પાસે, ચોર્યાસી ડેરીની પાછળ આવેલા 'રતિ હાઉસ' બિલ્ડિંગના બેઝમેન્ટ પાર્કિંગમાં કાર્યરત 'રતિ જ્વેલરી' નામના કારખાનામાં ફેક્ટરીની કેમિકલ અને એસિડવાળા પાણીની વેસ્ટ સ્ટોરેજ ટાંકી સાફ કરવા ઊતરેલા ચાર યુવાન શ્રમિકોનાં મોત મામલે નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (NHRC)એ ગુજરાતના મુખ્ય સચિવ અને સુરત પોલીસ કમિશનરને નોટિસ ફટકારી છે અને બે અઠવાડિયામાં આ બાબતનો ખુલાસો વિગતવાર અહેવાલ સાથે માંગવામાં આવ્યો છે. NHRCએ નોટિસમાં ટિપ્પણી કરી છે કે, અપેક્ષા છે કે રિપોર્ટમાં તપાસની સ્થિતિ અને મૃતક કામદારોના પરિવારોને જો કોઈ વળતર આપવામાં આવ્યું હોય તો તેની વિગત સામેલ હશે.

વરાછા રોડના રતિ જ્વેલર્સ જ્વેલરી મેન્યુફેક્ચરિંગ યુનિટમાં સેપ્ટિક ટાંકી સાફ કરતી વખતે ચાર કામદારોનાં મૃત્યુ થયા હોવાના આરોપ લગાવતાં મીડિયા રિપોર્ટની ભારતીય રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC)એ નોંધ લીધી છે. એવું કહેવાય છે કે, તેઓ સલામતીના નિયમોનું પાલન કર્યા વિના ટાંકીમાં પ્રવેશ્યા હતા.

# મોટાવરાછાની સોસાયટીના મકાનમાં ચાલતી પ્રિ-સ્કૂલનો વિરોધ

**મહિલાઓએ** રસ્તા પર આવી ભારે હોબાળા કરતાં પોલીસ બોલાવવી પડી

**શહેરના** અનેક વિસ્તારોમાં રહેણાંક મકાનોમાં પ્રિ-સ્કૂલ અને ટ્યુશન ધમધમે છે

### શહેરમાં અનેક રહેણાંક મકાનોમાં ધમધમતી શાળાઓ

મોટા વરાછાનો આ વિવાદ માત્ર એક સોસાયટી પૂરતો મર્યાદિત નથી. શહેરના વરાછા, પાંડેસરા, લિંબાયત સહિતના વિસ્તારોમાં અનેક રહેણાંક મકાનોમાં પ્રી-પ્રાયમરી સ્કૂલો અને ટ્યુશન ક્લાસીસ વર્ષોથી કાર્યરત હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિક નાગરિકોનો સવાલ છે કે જો રહેણાંક ઉપયોગ માટે મંજૂર મિલકતોમાં શૈક્ષણિક કે અન્ય વ્યાપારી પ્રવૃત્તિ ચલાવવી નિયમ વિરુદ્ધ હોય તો આવા અન્ય એકમો સામે પણ સમાન ધોરણે કાર્યવાહી થવી જોઈએ.

સુરતઃ મોટા વરાછાની મારુતિધામ સોસાયટી વિભાગ-2માં રહેણાંક ઉપયોગ માટે મંજૂર મિલકતમાં પ્રી-પ્રાયમરી સ્કૂલ શરૂ કરવાની તૈયારી સામે સ્થાનિક રહીશોએ વિરોધનો મોરચો ખોલતા સમગ્ર મામલો ગરમાયો છે. આ દરમિયાન સુરત મહાનગરપાલિકાએ પણ મિલકતધારકને નોટિસ ફટકારી હોવાને કારણે હવે શહેરભરમાં રહેણાંક વિસ્તારોમાં ચાલતી આવી સંસ્થાઓ અંગે અનેક સવાલો ઉભા થયા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ સોસાયટીમાં જે મિલકત રહેણાંક હેતુ માટે મંજૂર કરવામાં આવી છે, ત્યાં બાળકોને મૂકવા અને લેવા આવતા વાહનોના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાશે, પાર્કિંગ માટે મુશ્કેલી ઉભી થશે તેમજ રહેણાંક વિસ્તારની શાંતિ ભંગ થવાની શક્યતા રહેશે. વિવાદ વધતા સોસાયટીની મહિલાઓ અને સ્થાનિક રહેવાસીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિરોધ દરમિયાન મોટી સંખ્યામાં લોકોએ સ્કૂલ શરૂ કરવાની પ્રક્રિયા સામે નારાજગી વ્યક્ત કરી હતી. સ્થિતિ તંગ બનતાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસને બોલાવવાની ફરજ પડી હતી.

# કેસર કેરીના મણના 1000ની સીધા 2000

**કેરીગાળાના** સમયે જ રાજાપુરીના પણ 1600 થઇ ગયા

**ચોમાસુ** નજીક હોય ત્યારે ભાવ ઘટનાના બદલે બમણા થઇ ગયા

સુરત : સુરતમાં ચોમાસું શરુ થતાં પહેલા જ સુરતમાં કેરી ગાળો શરુ થતો હોય છે. ખાસ કરીને ખાજા માટે આ દિવસો પસંદ કરવામાં આવે છે. દર વર્ષે આ સમયે કેરી સસ્તી હોય છે જ્યારે આ વખતે કેરીના ભાવ બમણા થઈ ગયા છે. ખાસ કરીને કેસર કેરી ચાર દિવસ પહેલા 1000ની મળતી હતી તેના 2000 અને રાજાપુરીના મણના 800ના સીધા 1600 થઈ ગયા છે.

**કેરીના ભાવો વધવાના મુખ્ય 5 કારણો છે.**

1. કમોસમી વરસાદ અને પવનથી ઉત્પાદનને ફટકો આ વર્ષે કેરીના મોર અને ફળ પર કમોસમી વરસાદ, વાવાઝોડા જેવી સ્થિતિ અને તેજ પવનની અસર પડી હતી. અનેક બગીચાઓમાં કાચી કેરી ખરવા લાગી હતી, જેના કારણે કુલ ઉત્પાદન ઘટ્યું.

2. દક્ષિણ ગુજરાતમાં આવક ઓછી નવસારી, વલસાડ અને ડાંગ વિસ્તારમાં કેરીની આવક સામાન્ય વર્ષોની સરખામણીએ ઓછી રહી છે. બજારમાં માલ ઓછો પહોંચતા માંગની સરખામણીએ પુરવઠો ઘટ્યો અને ભાવ ઊંચા રહ્યા.

3. સીઝનના અંતિમ તબક્કામાં પુરવઠો ઘટ્યો જૂન મહિનામાં કેરીની સીઝન અંત તરફ છે. ખેડૂતો પાસે વેચાણ માટે બચેલી કેરીનું પ્રમાણ ઘટતાં વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે ઉપલબ્ધ માલ માટે સ્પર્ધા વધે છે, જેના કારણે ભાવ વધે છે.

4. ગુણવત્તાવાળી કેરીની માંગ યથાવત સુરત, નવસારી અને વલસાડમાં સ્થાનિક ગ્રાહકો ઉપરાંત મુંબઈ અને અન્ય શહેરોમાંથી પણ સારી ગુણવત્તાની કેરી માટે માંગ રહે છે. માંગ ઊંચી રહેતાં ભાવને ટેકો મળે છે.

5. પરિવહન અને મજૂરી ખર્ચમાં વધારો ડીઝલ, પરિવહન અને મજૂરીના વધેલા ખર્ચનો સીધો પ્રભાવ છૂટક બજારના ભાવ પર પડે છે. વેપારીઓ વધેલો ખર્ચ ગ્રાહકો પાસેથી વસૂલતા હોવાથી અંતિમ ભાવ વધે છે. સુરત APMC ના વેપારીઓના જણાવ્યા મુજબ સીઝન હવે અંતિમ તબક્કામાં હોવાથી આગામી એક-બે અઠવાડિયામાં બજારમાં આવક વધુ ઘટી શકે છે. જો કે ચોમાસાની શરૂઆત પહેલાં બાકી રહેલો માલ બજારમાં આવે તો થોડો સ્થિરતા આવી શકે છે, પરંતુ મોટા ઘટાડાની શક્યતા ઓછી માનવામાં આવે છે.

આથી, સુરત-નવસારી-વલસાડ વિસ્તારમાં કેરીના ભાવ વધવાના મુખ્ય કારણો ઉત્પાદનમાં ઘટાડો, હવામાનજન્ય નુકસાન, બજારમાં ઓછી આવક અને સતત માંગ છે.



# પાંડેસરામાં મામાએ સગા ભાણેજને ધોકા મારી ફ્રેક્ચર કરી નાંખ્યું

સુરતઃ પાંડેસરામાં સગા ભાણેજ પર મામાએ કપડાં ધોવાના ધોકા અને હથિયારથી હુમલો કરી ફ્રેક્ચર કરી નાંખતા પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે.

ભટાર-અલથાણ રોડ પર ખોડિયાર નગરમાં રહેતા અને કેટરિંગનો ધંધો કરતાં અનિલ યાદવનો ગઇ તારીખ ૮ જૂને તેના મામા સાથે ફોન ઉપર ઝગડો થયો હતો. તે સમયે મામાએ જોઇ લેવાની ધમકી આપતા તે મિત્રો સાથે મામા રાજુ યાદવને સમજાવવા અને વાતચીત કરવા માટે પાંડેસરા કૈલાસ ચોકડી પાસે આવેલી શાંતિનિકેતન સોસાયટીમાં પહોંચ્યો હતો. તેને જોતા જ ઉશ્કેરાયેલા મામાએ કપડાં ધોવાના ધોકાથી તેને મારવાનું શરુ કર્યું હતું. તેને બચાવા મિત્ર સિકંદર વચ્ચે પડતા તેને પણ હથિયાર મારી દેવાયું હતું.

# રાધારમણ ટેક્સટાઇલ માર્કેટમાં 23 વર્ષીય યુવા વેપારીએ 7મા માળેથી ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

**સિટીલાઈટના** આશીર્વાદ પાર્કમાં રહેતા યશ જૈનના આપઘાતનું કારણ અકબંધ

સુરતઃ સારોલી વિસ્તારમાં આવેલી રાધારમણ ટેક્સટાઈલ માર્કેટ-2માં બુધવારે સાંજે કરુણ ઘટના બની હતી. માર્કેટમાં કાપડની દુકાન ધરાવતા 23 વર્ષીય યુવા વેપારીએ સાતમા માળેથી ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાને પગલે સમગ્ર માર્કેટ વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

મૂળ રાજસ્થાનના કુચામન સિટીના વતની અને હાલ સિટીલાઈટ વિસ્તારના આશીર્વાદ પાર્કમાં રહેતા યશ નવીન જૈન (ઉં.વ.23) સારોલી સ્થિત રાધારમણ ટેક્સટાઈલ માર્કેટ-2ના સાતમા માળે કાપડની દુકાન ચલાવતા હતા. બુધવારે સાંજે તેમણે રહસ્યમય સંજોગોમાં માર્કેટના સાતમા માળેથી નીચે ઝંપલાવી દીધું હતું. ઘટનાની જાણ થતાં જ વેપારીઓ અને સ્થાનિક લોકોનાં ટોળેટોળાં ઘટના સ્થળે ઊમટી પડ્યાં હતાં. ગંભીર ઈજાઓના કારણે યશનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે સારોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આત્મહત્યાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. યશ અવિવાહિત હોવાનું સામે આવ્યું છે. યુવા વેપારીએ આ અંતિમ પગલું કયાં કારણોસર ભર્યું એ અંગે પોલીસે પરિવારજનો અને નજીકના લોકોની પૂછપરછ શરૂ કરી છે.